સચિવ

ક્રમાંક:જીસીઇઆરટી/તાલીમ/૨૦૧૮-૧૯/૨૧૪૭૪-૯૯૮
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ
પરિષદ, સેકટર-૧૨, ગાંધીનગર
Email:gcert12@gmail.com
તા.૧૭-૦૯-૨૦૧૮

પ્રતિ,
પ્રાચાર્યશ્રી
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
તમામ

**વિષયઃ શાળા સ્વચ્છતા એવોર્ડ-૨૦૧૮-૧૯ બાબત**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ૧૫૦મી ગાંધીજયંતિ ઉજવણીના ભાગરૂપે તેમજ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શાળાઓમાં સ્વચ્છતા અંગેની જાગૃતિ વધે અને શાળાને લીધે સ્થાનિક સમુદાયમાં સ્વચ્છતા અંગેની સભાનતા અને સંવેદનશીલતા વધે તેવા કાર્યક્રમોના માધ્યમથી શાળાઓનું પરિસર સ્વચ્છ અને સુઘડ બને, બાળકોમાં વ્યક્તિગત સ્વચ્છતા સંબંધી ટેવો અને પર્યાવરણીય સ્વચ્છતા સંબંધી ટેવો વિકસે, ગામલોકોમાં સ્વચ્છતા અંગે જાગ્રતિ આવે, શાળાઓને સ્વચ્છતા માટે પ્રોત્સાહન મળે માટે શાળા સ્વચ્છતા એવોર્ડ યોજના અમલીકૃત કરવામાં આવેલ છે.

શાળા સ્વચ્છતા એવોર્ડ-૨૦૧૮-૧૯ માટે કામગીરી માટે નીચે મુજબ માર્ગદર્શક સુચનાનો અમલ કરી આપની કક્ષાએથી જરૂરી આયોજન કરવા જણાવવામાં આવે છે.

## શાળા સ્વચ્છતા એવોર્ડ:૨૦૧૮-૧૯

1. આ યોજનામાં જિલ્લા પંચાયત/મહાનગર પાલિકા સંચાલિત પ્રાથમિક શાળાનો જ સમાવેશ કરવાનો રહેશે.
2. આ યોજના સંદર્ભે ડાયટ કક્ષાએથી જરૂરી શાળાઓને માર્ગદર્શન આપવાનું તેમજ પ્રચાર પ્રસાર કરવાનો રહેશે.
3. ડાયટ કક્ષાએ આ યોજના અન્વયેની કામગીરી WE શાખાએ કરવાની રહેશે. ET શાખા દ્વારા તમામ ટેકનિકલ કામગીરી કરવાની રહેશે.
4. આ સાથે "શાળા સ્વચ્છતા એવોર્ડ:૨૦૧૮-૧૯" નું ફોર્મ જે તે ડાયટની વેબસાઇટ/બ્લોગ પર મુકવાનું રહેશે. તેમજ ફોર્મ આધારિત ડેટા એકત્ર કરવાનો રહેશે. જેમાં શાળાએ ઓનલાઇન ફોર્મ ભરવાનું રહેશે. જે શાળા ઓનલાઇન ફોર્મ ન ભરી શકે તેવા કિસ્સામાં શાળા ઓફલાઇન ફોર્મ ભરી શકશે.

5. શાળા સ્વચ્છતા એવોર્ડ માટે શાળાએ તા.૩૦-૧૧-૨૦૧૮ સુધીમાં નોમીનેશન ફોર્મ ઓન લાઇન/ઓફલાઇન ભરવાનું રહેશે. તેમજ ભરેલ ફોર્મની હાર્ડકોપી તેમજ ફોર્મમાં દર્શાવેલ માહિતીના જરૂરી આધારો તા.૩૦-૧૧-૨૦૧૮ સુધીમાં ડાયટમાં જમા કરાવવાની રહેશે.
6. શાળા સ્વચ્છતા એવોર્ડ માટે ભરાયેલ ફોર્મ અને જરૂરી આધારો જમા કરાવનાર શાળાની ડાયટ કક્ષાએ રજીસ્ટરમાં એન્ટ્રી કરી પહોંચ જે તે શાળાને આપવાની રહેશે.
7. જે શાળા એ નિયત કરેલ સમયગાળામાં જરૂરી આધારો જમા કરાવેલ નહીં હોય તેવી શાળાનું રજીસ્ટ્રેશન "શાળા સ્વચ્છતા એવોર્ડઃ૨૦૧૮-૧૯" માટે માન્ય ગણાશે નહિં. તેવી શાળા સ્પર્ધામાં ભાગ લઇ શકશે નહીં.
8. તાલુકા એવોર્ડ પસંદગી સમિતિમાં નીચે મુજબના સભ્યો રહેશે. પસંદગી સમિતિના ઓછામાં ઓછા ત્રણ સભ્યશ્રીઓની ઉપસ્થિતિમાં જ એવોર્ડની પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

    ૧. પ્રાચાર્ય - અધ્યક્ષ
    ૨. ડાયેટ વ્યાખ્યાતા (તાલુકા લીએઝન)- સભ્ય સચિવ
    ૨. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/મદદનીશ શાસનાધિકારી
    ૩. ડાયેટ વ્યાખ્યાતા (ડબ્લ્યુ.ઈ. શાખા)- સભ્ય
    ૪. બી.આર.સી. કો-ઓર્ડીનેટર-સભ્ય
    ૫. ટેકનીકલ રિસોર્સ પર્સન (ટી.આર.પી.)- સભ્ય
    ૬. સી.આર.સી. કો-ઓર્ડીનેટર – સભ્ય
    ૭. નિવૃત્ત એવોર્ડી પ્રા. શિક્ષક – સભ્ય

9. અન્ય શાળાને પ્રેરણા આપવા સારૂ જે અગાઉના વર્ષોમાં શાળા સ્વચ્છતા એવોર્ડ મેળવનાર શાળાઓ એવોર્ડ મેળવેલ વર્ષથી ત્રણ વર્ષ સુધી "શાળા સ્વચ્છતા એવોર્ડ" માટે ભાગ લઇ શકશે નહીં. **ડાયટ કક્ષાએથી તેની ચકાસણી કરવાની રહેશે.**
10. તા.૩૦-૧૧-૨૦૧૮ પછી ડાયટ દ્વારા નોમીનેશન ભરેલ શાળાના ફોર્મ અને આધારોની ચકાસણી કર્યા બાદ તાલુકા/ઝોનની શાળાની સમિતિ દ્વારા આકસ્મિક મુલાકાત લેવાની રહેશે. જરૂર જણાય ત્યાં ફરી મુલાકાત લઇ શકાશે.
11. "શાળા સ્વચ્છતા એવોર્ડ" માટે તાલુકા/ઝોન દીઠ પ્રથમ ત્રણ શાળા પસંદ કરવાની રહેશે. એવોર્ડ માટે પસંદ થયેલ ત્રણેય શાળાને સમાન રકમ રૂા.૧૧,૦૦૦/- નો પુરસ્કાર આપવાનો રહેશે. શાળા સ્વચ્છતા સંબંધિત કામગીરી માટે શાળાએ આ પુરસ્કારનો ઉપયોગ કરવાનો રહેશે.
12. માપદંડોના આધારે નોમીનેશન ફોર્મ તૈયાર કરવામાં આવેલ છે. જેમાં સ્વચ્છતા સંબંધી વિવિધ બાબતોના કુલ ૧૦૦ ગુણ તેમજ ૦૨ બોનસ પોઇન્ટ મળીને કુલ ૧૦૨ ગુણ રાખવામાં આવેલ છે.

13. તાલુકા/ઝોન એવોર્ડ પસંદગી સમિતિની શાળા મુલાકાત માટે અત્રેથી ફાળવવામાં આવેલ પ્રાસંગિક ખર્ચ કુલ ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં નીચે મુજબ કરવાનો રહેશે.

a. નોમીનેશન થયેલ શાળા મુલાકાત ખર્ચ (નિયમાનુસાર ટી.એ.ડી.એ., ભોજન)

b. અવોર્ડ માટે પસંદ થયેલ શાળાનું પ્રમાણપત્ર અને શિલ્ડ

સચિવ
જીસીઇઆરટી
ગાંધીનગર

બિડાણ:

- "શાળા સ્વચ્છતા એવોર્ડ:૨૦૧૮-૧૯" ના ફોર્મની નકલ

નકલ સવિનય જાણ સારૂ:

- માન. નિયામકશ્રી, જીસીઇઆરટી, ગાંધીનગર

ક્રમાંક/ડાયેટ/સુરત/ WE/શાળા સ્વચ્છતા એવોર્ડ/2018/૯૦૧૪-૩

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,**
નવીનચંદ્ર મફતલાલ ઉદ્યાનરોડ, બુરાહની
એપાર્ટમેન્ટની સામે, ભેસ્તાન, સુરત395023
Phone:: (0261) 2916003, 2916040
E-mail: dietsurat@gmail.com,
diet-sur@gujarat.gov.in
Website: dietsurat.org

તા.૨૮/૯/2018

**પ્રતિ,**
બી.આર.સી /યુ.આર.સી કો- ઓર્ડિનેટરશ્રી, તમામ
જિ. સુરત

**વિષય:-** શાળા સ્વચ્છતા એવોર્ડ -૨૦૧૮-૧૯ માટે શાળાનું નોમીનેશન ફોર્મ ભરવા બાબત
**સંદર્ભ:-** જી.સી.ઇ.આર.ટી/ તાલીમ/૨૦૧૮-૧૯/૨૧૪૭૪-૯૯ તા. ૧૭-૯-૨૦૧૮

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ૧૫૦ મી ગાંધીજંયતિ ઉજવણીના ભાગરૂપે તેમજ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શાળાઓમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ વધે અને સ્થાનિક સમુદાયમાં સ્વચ્છતા અંગેની સંભાનતા અને સંવેદન-શીલતા વધે એ માટે શાળાઓમાં શાળા સ્વચ્છતા એવોર્ડ-૨૦૧૮-૧૯ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, મહાનગર પાલિકાઓની પ્રાથમિક શાળાઓને શાળા સ્વચ્છતા એવોર્ડ આપવાની યોજના મંજુર થયેલ છે. જે અન્વયે આપના તાલુકા/ઝોનની તમામ પ્રાથમિક શાળાઓ નીચે મુજબની માર્ગદર્શક સૂચનાઓનું પાલન કરી On-line તેમજ off –line ફોર્મ ભરી નોમીનેશન કરાવે એ માટે આપની કક્ષાએ તમામ શાળાઓને જાણ કરવા જણાવવામાં આવે છે.

શાળાઓ દ્વારા શાળા સ્વચ્છતા એવોર્ડ સંદર્ભે નોમીનેશન કરવાના હેતુસર આ સાથે સામેલ ફોર્મમાં જરૂરી વિગતો ભરવાની રહેશે. આ માટે નીચે મુજબની સૂચનાઓ ધ્યાનમાં લેવી.

- આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ/ મહાનગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળાઓનો સમાવેશ કરવાનો રહેશે.
- સદર માહિતી ફોર્મ શાળા સ્વચ્છતા એવોર્ડ માટે ભાગ લેવા અંગેનું નોમીનેશન ફોર્મ માત્ર છે. ફોર્મ ભરવાથી એવોર્ડ મળશે જ તેવો દાવો કરી શકશે નહી.
- એવોર્ડ માટે શાળાએ જાતે સ્વમૂલ્યાંકન ફોર્મ ભરવાનું હોય પૂરતી કાળજી અને જરૂરી આધારો ચકાસી ફોર્મ ભરવાનું રહેશે. આ સબબ રજૂ કરેલ કોઇ પણ માહિતી ખોટી ઠરશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી શાળાના આચાયશ્રીની રહેશે.
- જે બાબત શાળાને લાગુ પડતી હોય તે જ બાબત સંદર્ભે વિગતો દર્શાવવાની રહેશે.
- જો એકજ બિલ્ડીંગનો પાળી પધ્ધતિથી બે કે તેથી વધુ શાળાઓ ઉપયોગ કરતી હોય તો આ શાળાઓએ સંકલન કરી તે પૈકી કોઇ એક શાળાએ જ નોમીનેશન ફોર્મ ભરવાનું રહેશે.
- અગાઉના વર્ષોમાં શાળા સ્વચ્છતા એવોર્ડ મેળવનાર શાળાઓ ત્રણ વર્ષ સુધી શાળા સ્વચ્છતા એવોર્ડ માટે ભાગ લઇ શકશે નહી.
- સમગ્ર તાલુકામાંથી આવેલ શાળાઓના નોમીનેશનના આધારે શાળાઓની એવોર્ડ કમિટી દ્વારા આકસ્મિક રૂબરૂ મુલાકાત લેવામાં આવશે.
- રૂબરૂ મુલાકાત લીધેલ શાળાઓ પૈકી એવોર્ડ કમિટિના મૂલ્યાંકનના આધારે જ એવોર્ડ માટે શાળાની પસંદગી કરવામાં આવશે.
- શાળા સ્વચ્છતા એવોર્ડ અંગેના સ્વ-મૂલ્યાંકન પત્રકમાં મૂકવામાં આવેલ વિકલ્પ દિઠ ગુણભાર નકકી કરવામાં આવેલ છે.

- રજીસ્ટ્રેશન ફોર્મમાં શાળાનો ડાયસ કોડ/ આચાર્યશ્રીનો મોબાઇલ નંબર તેમજ ઇ- મેઇલ આઇડી ની વિગત અંગેજીમાં ભરવાની રહેશે. તેમજ એ સિવાયની તમામ માહિતી ગુજરાતીમાં ભરવાની રહેશે.
- શાળા સ્વચ્છતા એવોર્ડ-૨૦૧૮-૧૯ નું One- line રજીસ્ટ્રેશન કરવા માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-સુરતની Web-site:-www.dietsurat.org પર શાળા સ્વચ્છતા એવોર્ડ શીર્ષક સાથે મૂકવામાં આવેલ છે.
- શાળા સ્વચ્છતા એવોર્ડ-૨૦૧૮-૧૯ ના Off-line રજીસ્ટ્રેશન કરવા માટે તાલુકાના બી.આર.સી ભવન પરથી ઝેરોક્ષ કરાવીને અથવા સુરત ડાયેટની ~~blog અને~~ Web-site પરથી ડાઉન લોડ કરીને શાળાના આચાર્યશ્રીના સહી સિકકા કરી ડાયેટ સુરત ખાતે જમા કરાવવાનું રહેશે.
- One- line / off-line ફોર્મ ભર્યા બાદ તે શાળાએ **તારીખ ૩૦/૧૧/૨૦૧૮** સુધીમાં ડાયેટ સુરતમાં જરૂરી આધારો જમાં કરાવવવાના રહેશે અન્યથા શાળાનું રજિસ્ટ્રેશન શાળા સ્વચ્છતા એવોર્ડ-૨૦૧૮-૧૯ માં માન્ય ગણાશે નહિ.
- શાળા સ્વચ્છતા એવોડ, માટે તાલુકા/ઝોન દીઠ પ્રથમ ત્રણ શાળા પસંદ કરવાની રહેશે એવોર્ડ માટે પસંદ યયેલ ત્રણેય શાળાઓ સમાન રકમ રૃપિયા ૧૧,૦૦૦/- નો પુરસ્કાર આપવામાં આવશે શાળા સંબધિત કામગીરી માટે શાળાએ આ પુરસ્કારનો ઉપયોગ કરવાનો રહેશે.
- **<u>નોમીનેશન ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૩૦/૧૧/૨૦૧૮ રહેશે.</u>**
- આ અંગે વધુ માર્ગદર્શનની જરૂર જણાય તો **શ્રી.પી.એસ.ચૌધરી(સિ.વ્યાખ્યાતા)ના મોબાઇલ નંબર :૯૭૧૨૫૨૩૯૬૬** પર સંપર્ક કરવો.

**બિડાણ:** (૧) જીસીઇઆરટી ગાંધીનગરનો તા. ૧૭-૯-૨૦૧૮ નો પત્ર (dietsurat.org પર છે)
(૨) શાળા સ્વચ્છતા નોમીનેશન ફોર્મ (dietsurat.org પર)

**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી**
**સુરત**

**પ્રાચાર્ય**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,**
**સુરત**

**સવિનય નકલ રવાના:**
- સચિવશ્રી, જી.સી.ઇ.આર.ટી ગાંધીનગર
- રિડરશ્રી તાલીમ શાખા જીસીઇઆરટી ગાંધીનગર

**નકલ રવાના:**
- શાસનાધિકારીશ્રી, ન. પ્રા. શિ.સમિતિ, સુરત
- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ જિ. સુરત